
# ઉત્તરપ્રદેશમાં કેજરીવાલે પ્રચારનું રણશિંગૂ ફૂંક્યુ

ગાઝિયાબાદ,તા.૧

ઉત્તરપ્રદેશમાં લોકસભાની ચૂંટણી માટે ચૂંટણીપ્રચારનું રણશિંગુ આજે એએપીના નેતા અરવિંદ કેજરીવાલે ફૂંકી દીધું હતું. રાજકીય રીતે અતિમહત્વપૂર્ણ ગણતા રાજ્ય ઉત્તરપ્રદેશમાં અરવિંદ કેજરીવાલે ત્રણ દિવસના રોડ શોની આજે શરૂઆત કરી હતી. કેજરીવાલ ત્રણ દિવસ સુધી લોકસભાની ચૂંટણી માટે જોરદાર પ્રચાર કરનાર છે. કેજરીવાલની રેલી કોસંબી ખાતેથી શરૂ થઈ હતી. કેજરીવાલની રેલી રાજ્યમાં લોકસભાની ૧૫ બેઠકોને આવરી લેશે. આ રેલી ગાઝિયાબાદ, પિલખુઆ, હાપુર, અમરોહા, મુરાદાબાદ, રામપુર, બરેલી, હરદોઈને આવરી લેશે. ઉત્તરપ્રદેશમાં જાતિ અને ધાર્મિક રાજનીતિનું પ્રભુત્વ રહ્યું છે. વિકાસની રાજનીતિ અહીં કરવામાં આવી નથી.આજ કારણસર ઉત્તરપ્રદેશ ખુબ જ પાછળ રહી ગયું છે. રોડ શોમાં અરવિંદ કેજરીવાલની સાથે રહેલા આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા મનિષ સિસોદિયાએ કહ્યું હતું કે, રાજ્ય કરાઈ છે. જ્યારે જસપાલ ભટ્ટીના વિધવા સવિતા ભટ્ટીને ચંદીગઢથી મેદાનમાં ઉતારવામાં આવશે.કેરળમાંથી સરાહા જોસેફનું નામ થ્રિસુરમાંથી જાહેર કરાયું છે. જ્યારે થિરુવંતનપુરમમાં અજીત જોયને મેદાનમાં ઉતારવામાં આવશે. રચના થિગંરા ભોપાલમાંથી ચૂંટણી લડશે જ્યારે ઈન્દોરમાંથી અનિલ



ત્રિવેદી, બેતુલમાંથી રાજેશ સારેરામ, હોસંગાબાદમાંથી માયા વિશ્વકર્મા, સિંધીમાંથી પંકજ સિંહ, ગુનામાંથી શૈલેન્દ્રસિંહ કુશવાહ, મધ્યપ્રદેશના સાગરમાંથી અતુલ મિશ્રાને મેદાનમાં ઉતારવામાં આવશે. ઓરિસ્સામાં એએપી દ્વારા ઘણા નામની જાહેરાત કરી છે. પુરીમાંથી નિરદા ખુંટિયા ચૂંટણી મેદાનમાં ઉતરશે. એએપીએ પોતાના થિંકટેંક પ્રોફેસર આનંદકુમારને નોર્થ-ઈસ્ટ દિલ્હીમાંથી મેદાનમાં ઉતાર્યા છે. મંગોલપુરીના ધારાસભ્ય રાખી બિરલાને હવે ટિકિટ નહીં મળે તેવી શકયતા છે. આ લિસ્ટમાં દેશભરમાંથી ૨૦ સીટો ઉપર પોતાના ઉમેદવારના નામની જાહેરાત કરાઈ છે. ૨૦ સીટોની જાહેરાત આજે ત્રીજી યાત્રીમાં કરાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, આમ આદમી પાર્ટીએ અગાઉ બે યાદી જાહેર કરી દીધી છે. આમ આદમી પાર્ટીએ લોકસભાની ચૂંટણી માટે ઉમેદવારોની ત્રીજી યાદી આજે જારી કરી દીધી હતી. આ યાદીમાં ૨૦ ઉમેદવારોના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આની સાથે જ આમ આદમી પાર્ટીએ હજુ સુધી ૭૦ ઉમેદવારોના નામ જાહેર કરી દીધા છે.

### આમ આદમી પાર્ટી દ્વારા ઉમેદવારોની ત્રીજી યાદીજારી કરાઈ

આમ આદમી પાર્ટીએ આગામી લોકસભાની ચૂંટણી માટે આજે ઉમેદવારોની તેની ત્રીજી યાદી જારી કરી દીધી હતા. રાષ્ટ્રીય કારોબારીના સભ્ય અને જેએનયુના ભૂતપૂર્વ પ્રોફેસર આનંદકુમારને પણ મેદાનમાં ઉતારવાનો એએપી દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે. આનંદ કુમાર ઉત્તર-પૂર્વ દિલ્હીમાંથી કોંગ્રેસના પીઢ નેતા જેપી અગ્રવાલ સામેમેદાનમાં ઉતરશે જ્યારે સામાજિક કાર્યકર મહેન્દ્રસિંહ ઉત્તર-પશ્ચિમ દિલ્હીમાંથી કેન્દ્રીય પ્રધાન કૃષ્ણા તિરથ સામે મેદાનમાં ઉતરશે. આમ આદમી પાર્ટી દ્વારા દિલ્હીમાંથી બે અને બિહારમાંથી એક નામની જાહેરાત કરી છે. પરંતુ ઓરિસ્સા અને મધ્યપ્રદેશના નામ વધારે જાહેર કર્યા છે.

## ભારતથી બ્રિટન જઇ રહેલા વિદ્યાર્થીની સંખ્યામાં ઘટાડો

નવી દિલ્હી,તા.૧

બ્રિટન જતા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. ભારતીય વિદ્યાર્થીઓમાં ઘટાડો થવા માટે ઘણા કારણો જવાબદાર દેખાઈ રહ્યા છે. આના માટે બ્રિટનની કઠોર નીતિને પણ જવાબદાર ગણવામાં આવે છે. ભારતીય પેટા ખંડમાંથી તેની યુનિવર્સિટીમાં આવતા વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થયા હોવાની કબૂલાત બ્રિટિશ સરકારે કરી છે. ઓફિસ ઓફ નેશનલ સ્ટેટીસ્ટીક (ઓએનએસ) દ્વારા જારી કરવામાં આવેલા નવેસરના આંકડામાં જણાવવામાં આવ્યું છે કે, પાકિસ્તાની વિદ્યાર્થીઓને જારી કરવામાં આવેલા અભ્યાસ વિઝા ડિસેમ્બર ૨૦૧૩માં ૯૫ ટકા સુધી ઘટી ગયા છે. જ્યારે ભારતીયઓમાં પણ ઉલ્લેખનીય રીતે ઘટાડો થયો છે. આનો મતલબ એ થયો કે, ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા એક વર્ષના ગાળામાં ૧૭૨૭૧થી ઘટીને ૧૩૬૦૮ થઈ ગઈ છે.

આવી જ રીતે પાકિસ્તાની વિદ્યાર્થીઓની સંખ્યા ૧૦૯૮૪થી ઘટીને ૪૯૪૭ થઈ ગઈ છે. આંકડાઓ દર્શાવે છે કે, ડિસેમ્બર ૨૦૧૩ના દિવસે પુરા થયેલા વર્ષમાં અભ્યાસ હેતુ માટે જારી કરવામાં આવેલા વિઝાની સંખ્યામાં કેટલાક દેશોના વિદ્યાર્થીઓમાં વધારો થયો છે જેમાં ચીનના વિદ્યાર્થીઓ નવ ટકા વધીને ૫૨૨૭ સુધી વધ્યા છે. જ્યારે બ્રાઝિલિયન વિદ્યાર્થીઓની સંખ્યામાં ૧૪૭ ટકાનો વધારો અને મલેશિયન વિદ્યાર્થીઓની સંખ્યામાં ૨૪ ટકાનો વધારો થયો છે. અગાઉના વર્ષમાં જારી કરવામાં આવેલા વિદ્યાર્થી વિઝામાં એકંદરે ચાર ટકાનો વધારો થયો છે. આંકડા દર્શાવે છે કે, અન્ય ઘણા દેશોના વિદ્યાર્થીઓમાં વધારો થયો છે. ડિસેમ્બર ૨૦૧૩માં પુરા થયેલા વર્ષમાં જારી કરાયેલા એશિયન નાગરિકોને વિઝાની સંખ્યા વધી છે. ડિસેમ્બર ૨૦૧૩માં પુરા થયેલા વર્ષમાં આશરો લેવા માટે અરજી કરનારાઓની સંખ્યામાં આઠ ટકાનો વધારો થયો છે. ડિસેમ્બર ૨૦૧૨માં આ સંખ્યા ૨૧૭૪૩ હતી જે વધીને ૨૩૫૦૭ થઈ છે.

# કોંગ્રેસને લાલૂ યાદવ દ્વારા ૧૧ બેઠકની ઓફર કરાઈ

નવી દિલ્હી,તા.૧

કોંગ્રેસ અને રાષ્ટ્રીય જનતા દળ વચ્ચેના ગઠબંધન પર સંકટના વાદળો ઘેરાઈ ગયા છે તેવા અહેવાલ વચ્ચે આરજેડીના વડા લાલૂ યાદવે આજે કહ્યું હતું કે, પક્ષે કોંગ્રેસને ૧૧ સીટની ઓફર કરી છે અને કોંગ્રેસના જવાબની રાહ જોવામાં આવી રહી છે. કોંગ્રેસ અને આરજેડી વચ્ચેના સંબંધો હાલમાં ગઠબંધનના મુદ્દે તંગ બની ગયા હતા. કારણ કે કોંગ્રેસે નિર્ણય લેવામાં ખુબ સમય લીધો છે જેના પરિણામ સ્વરુપે લાલૂ યાદવ પણ નાખુશ દેખાઈ રહ્યા છે. લાલૂ યાદવે આજે પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, દેશમાં તમામ બિનસાંપ્રદાયિક પક્ષો સાથે મળીને આગળ વધે તેવી તેમની ઈચ્છા છે પરંતુ કોંગ્રેસ સામે તેઓ કોઈપણ પ્રકારની પ્રતિક્રિયા હાલ આપવા માંગતા નથી. કોંગ્રેસ પાર્ટીને ૧૧ સીટોની ઓફર કરવામાં આવી ચુકી છે. અમે તેમના જવાબની રાહ જોઈ રહ્યા છીએ. કોંગ્રેસના નેતાઓ સાથે ચર્ચા ચાલી રહી છે અને આશા છે કે, કોઈપણ અયોગ્ય નિર્ણય લેવાશે નહીં. લાલૂએ કહ્યું હતું કે, ભારત હંમેશા કોંગ્રેસની સાથે છે. અમારી પાર્ટીના તમામ હરીફ લોકો તેમની પ્રતિષ્ઠાને ખરડવાના પ્રયાસ કરી રહ્યા છે. કોમવાદી અને કટ્ટરપંથી પરિબળો દેશને વિભાજિત કરવાના પ્રયાસમાં લાગેલા છે. નિતિશકુમારની સાથે સારા સંબંધ ધરાવતા મોદી અને સંઘના લોકો વિભાજન કરો અને શાસન કરોની નીતિમાં માને છે. અગાઉ લાલૂ યાદવે ગઠબંધનને લઈને નાખુશી વ્યક્ત કરી હતી. લાલૂ અને કોંગ્રેસ વચ્ચે તિરાડ પડ્યા બાદ નવા સમીકરણોના સંકેત પણ દેખાઈ રહ્યા છે. લાલૂ દ્વારા ૧૧ સીટોની ઓફર કરવામાં આવ્યા બાદ કોંગ્રેસ આ વાત સ્વીકારશે કે કેમ તે અંગે ભારે સસ્પેન્શની સ્થિતિ



બનેલી છે. અગાઉ લાલૂએ સવારે કહ્યું હતું કે, ગઠબંધન માટેનો સમય પૂર્ણ થઈ ગયો છે. ગઠબંધનમાં થઈ રહેલા વિલંબને લઈને લાલૂએ નાખુશી વ્યક્ત કરી હતી. લાલૂએ કોંગ્રેસને સાફ શબ્દોમાં કહ્યું હતું કે, બિહારમાં આરજેડી ૨૮ બેઠકો ઉપર લડશે. કોંગ્રેસને ૧૧ અને એનસીપીને એક બેઠક આપવામાં આવી રહી છે. જો આ બાબત કોંગ્રેસ સ્વીકારશે નહીં તો એકલા હાથ ચૂંટણી લડવામાં આવશે. લાલૂએ કહ્યું હતું કે, હવે ગઠબંધન માટે દિલ્હી જવાનો સમય રહ્યો નથી. ટ્વીટર અને ફેસબુકના જમાનામાં દિલ્હીમાં બેસીને ગઠબંધનની વાત કરવાનો કોઈ મતલબ નથી. જવાબદારી માત્ર અમારી રહી નથી. કોંગ્રેસને પણ પોતાની રીતે પ્રયાસ કરવા જોઈએ. સાથે સાથે લાલૂએ ભાજપની સાથે ગઠબંધન કરનાર રામવિલાસ પાસવાનની પણ ઝાટકણી કાઢી હતી. તેમણે કહ્યું હતું કે, પાસવાને ગુલાટ મારી દીધી છે પરંતુ બિહારના લોકો તેમને બોધપાઠ ભણાવશે.

## ભાજપના ભૂતપૂર્વ પ્રમુખ લક્ષ્મણનું અવસાન

નવી દિલ્હી,તા.૧

ભાજપના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ પક્ષ પ્રમુખ બંગારુ લક્ષ્મણનુંઆજે સાંજે અવસાન થયું હતું.લાંબી માંદગી બાદ તેમના અવસાનથી ભાજપના કાર્યકરોમાં આઘાતનું મોજુ ફરી વળ્યું હતું. નાની વયમાં બાંગારુ લક્ષ્મણ ભાજપમાં જોડાઈ ગયા હતા. તેમના હૈદરાબાદ આવાસ ઉપર તેમનું અવસાન થયું હતું. વર્ષ ૨૦૦૦થી ૨૦૦૧ વચ્ચેના ગાળામાં તેઓ ભાજપના પ્રથમ દલિત પ્રમુખ હતા. તથા ૧૯૯૯થી ૨૦૦૦ના ગાળા દરમિયાન ભારત સરકારમાં રેલવે પ્રધાન તરીકે હતા.

વર્ષ ૨૦૦૧માં તહેલકા ભ્રષ્ટાચાર કેસ સપાટી ઉપર આવ્યા બાદ પક્ષ પ્રમુખ તરીકે બાંગારુ લક્ષ્મણે રાજીનામું આપી દીધું હતું. લાંચ લેતા કેમેરામાં કેદ થયા બાદ ભાજપની પ્રતિષ્ઠાને મરણતોળ ફટકો પડ્યો હતો. બંગારુ લક્ષ્મણના અવસાનના સમાચાર ફેલાતાની સાથે જ તેમના આવાસ ઉપર ભાજપના કાર્યકરો અને તેમના સમર્થકો પહોંચવા લાગ્યા હતા.

## સમાચાર ઝલક

- માર્ચ માસની શરૂઆતમાં દિલ્હી-મુંબઇ તથા ઉત્તર ભારતમાં વરસાદ તથા ઠંડીની બેવડી ઋતુનો અનુભવ.
- ૧લી માર્ચથી પેટ્રોલ-ડિઝલના ભાવમાં વધારો થશે.
- બેંગકોકમાં પ્રવાસી બસને અકસ્માતથી ૧૪નાં મૃત્યુ.
- આસામમાં મહિલા સંમેલન દરમિયાન રાહુલ ગાંધીને ચુંબન કરનાર મહિલાને તેના પતિએ સળગાવી હત્યા કરી, અને જાતે પણ સળગી મર્યો.
- અમરેલી જિલ્લા સહકારી બેંક ફડચામાં જવાની અફવાથી થાપણદારોમાં ગભરાટ.
- રાજયોને બુલેટપ્રુફ કાર ખરીદવાની ગૃહમંત્રાલયની શિખામણ.
- ભારતમાં કૃષિ આધારિત જનસંખ્યા ૫૦ ટકા વધી.
- અમરનાથ યાત્રા ૧૭મી માર્ચથી હેલિકોપ્ટર ટિકીટ બુક થશે.
- ચૂંટણીમાં કાળાનાણાં રોકવા ઉમેદવારોને રોકડ નાણાં ન આપવા ચૂંટણીપંચનો આદેશ.
- તા.૧લી માર્ચથી રેલ્વેની તત્કાળ ટિકીટ મોંઘી થઇ.
- નારાયણ સાંઇ સામે બળાત્કારની ફરિયાદ કરનાર મહિલાના પતિની હત્યાનો પ્રયાસ, ગંભીર હાલતમાં હોસ્પિટલમાં.
- અંબાજી ૫૧ શક્તિપીઠના ઉદ્‌ઘાટન સમયે બનાવાયેલો પ્રસાદ બગડી ગયો.
- યુક્રેન ક્રિમીયા એરપોર્ટને રશિયન સૈનિકોએ ઘેરો ઘાલ્યો.
- ચોમાસું નિષ્ફળ જવાના અણસાર મળતાં રાજયોને તૈયાર રહેવા કેન્દ્રની સૂચના.
- ભારતના ન્યાયતંત્ર સહિત સરકારી તંત્રમાં વ્યાપક ભ્રષ્ટાચાર : અમેરીકન અહેવાલ.
- મરચાના ભાવમાં ભડકો, કિલોનો ભાવ ૧૫૦ થી ૨૩૦ થયો.
- લોકસભાની ઉમેદવારી નોંધાવવા રાજકીય પક્ષોના ફોર્મની સાથે રૂા. ૧૦,૦૦૦/ પક્ષમાં જમા કરાવવા પડે છે.
- મોટા શહેરોમાં હાફૂસ કેરીનું આગમન કિલોનો ભાવ રૂા. ૬૦૦/-થી વધુ.
- આજે શનિશ્ચરી અમાસનો શુભગ સમન્વયથી હનુમાનજી-શનિદેવનાં મંદિરોમાં ભાવિકોની ભીડ ઉમટી.
- આચાર સંહિતા લાગુ થાય તે અગાઉ સરકારી કચેરીઓમાં કાપ પૂર્ણ કરવા ધમધમાટ.
- વંથલી - રોડનું ખાતમુર્હૂત કરવામાં મંત્રી બાબુભાઇ બોખરીયા મોડા પડતાં ધારાસભ્ય જવાહર ચાવડાએ ખાત મુર્હૂત કરી નાખ્યું.

# વી.કે.સિંહ વિધિવત રીતે ભાજપમાં જોડાયા

નવી દિલ્હી,તા.૧

વયના મુદ્દા ઉપર સરકાર સામે લાંબી લડત ચલાવનાર સેનાના ભૂતપૂર્વ વડા વીકે સિંહ આજે વિધિવત રીતે ભાજપમાં જોડાઈ ગયા હતા. અને કહ્યું હતું કે, ભાજપ એકમાત્ર એવી પાર્ટી છે જે સત્તા પર આવે તેમ તેઓ ઈચ્છે છે. પક્ષ પ્રમુખ રાજનાથસિંહની ઉપસ્થિતિમાં સેનાના અન્ય પૂર્વ વડા અને અધિકારીઓની સાથે ભાજપમાં જોડાયેલા જનરલ સિંહે કહ્યું હતું કે, સૈનિકોએ પણ ભાજપને ટેકો આપવો જોઈએ જેથી કેન્દ્રમાં એક સ્થિર, મજબૂત અને રાષ્ટ્રવાદી સરકાર બની શકે. ભાજપ એકમાત્ર રાષ્ટ્રીય પાર્ટી છે. ભાજપમાં સામેલ કેમ થયા છે તે અંગે પૂછવામાં આવતા વીકે સિંહે આ મુજબની પ્રતિક્રિયા આપી હતી. મે ૨૦૧૨માં નિવૃત થઈ ચુકેલી ૬૩ વર્ષીય વીકે સિંહે કહ્યું છેકે, સરહદ ઉપર ફરજ બજાવતા સૈનિકોએ રાષ્ટ્રવાદી દળો સાથે કામ કરવું જોઈએ. આજ કારણસર ભાજપ સાથે અમે હાથ મિલાવવાનો નિર્ણય કર્યો છે. કેન્દ્રમાં ભાજપ સરકાર બનાવે તેવી



અમારી ઈચ્છા છે. રાષ્ટ્રીય હિતોમાં ઝડપથી નિર્ણય લઈ શકે તેવી સરકારની કેન્દ્રમાં જરૂર છે. વીકે સિંહે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, સેનાના જવાનો પણ ભાજપને વધુ મજબૂત બનાવવામાં ભૂમિકા ભજવશે. બીજી બાજુ ભાજપમાં વીકે સિંહનું સ્વાગત કરતા ભાજપ પ્રમુખ રાજનાથસિંહે કહ્યું હતું કે, જો ભાજપ કેન્દ્રમાં સત્તા ઉપર આવશે તો સેનાની પણ યોગ્ય રીતે કાળજી લેવામાં આવશે. વીકે સિંહને સામાન્ય ચૂંટણી માટે મેદાનમાં ઉતારવામાં આવશે કે કેમ તે અંગે હજુ કોઈ માહિતી મળી નથી. ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી સાથે અગાઉ તેઓએ એક વખતે ઉપસ્થિત રહી ચુક્યા છે. પક્ષના ચહેરા તરીકે તેમના નામની જાહેરાત કરવામાં આવ્યા બાદ મોદીની પ્રથમ રેલી હતી. વીકે સિંહનું કહેવું છે કે, હાલના તબક્કે રાષ્ટ્રીય વિકલ્પની જરૂર ઉભી થઈ છે. ભાજપમાં સામેલ થવા અન્ય લોકો પણ ઉત્સુક બનેલા છે. સિંહે ભાજપ હેડક્વાર્ટર તરફ આજે ઈન્ડિયા ગેટથી કૂચ કરી હતી અને ત્યારબાદ વિધિવત રીતે ભાજપમાં જોડાયા હતા. જનરલ સિંહના સત્તામાં છેલ્લા દિવસો દરમિયાન જોરદાર કાયદાકીય લડત ચાલી હતી અને મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો હતો. અભૂતપૂર્વ હિલચાલરૂપે જન્મ તારીખ અંગે તેમના દાવાને સરકારે ફગાવી દીધા બાદ આના વિરોધમાં જાન્યુઆરી ૨૦૧૨માં સિંહે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. રીટ અરજીમાં સિંહે ૧૦મી મે ૧૯૫૦ તરીકે જન્મની તારીખને ગણવાના સરકારના નિર્ણય સામે વાંધો ઉઠાવ્યો હતો. પ્રમાણપત્રો અને દસ્તાવેજો સાથે ચેડા થયા હોવાનો દાવો તેમણે કર્યો હતો. જો કે, જનરલ સિંહ સુપ્રીમ કોર્ટમાં જંગ હારી ગયા હતા. ફેબ્રુઆરી ૨૦૧૨માં તેમની અરજી પાછી ખેચંવા સુપ્રીમ કોર્ટે ફરજ પાડી હતી. નિવૃત થયા બાદ વીકે સિંહે વડાપ્રધાનની ઓફિસ સામે પણ પ્રશ્નો કર્યો હતો.

## નિવૃત્તિ બાદ મનમોહનસિંહ ભવ્ય આવાસમાં રહેવા જશે

નવી દિલ્હી,તા.૧

વડાપ્રધાન મનમોહનસિંહ આગામી લોકસભાની ચૂંટણી બાદ નિવૃત્ત થવા જઈ રહ્યા છે પરંતુ તેમની સુવિધાઓમાં કોઈ પણ ઘટાડો થશે નહીં. નિવૃત્ત થયા બાદ પણ મનમોહનસિંહ મોતીલાલ નહેરુ પ્લેસ નજીક એક ભવ્ય બંગલામાં રહેશે જે ૨.૫ એકર વિસ્તારમાં છે. ૩ મોતીલાલ નહેરુ પ્લેસમાં આ ટાઈપ-૮ બંગલામાં દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શીલા દીક્ષિત રહી ચૂકયા છે. ચાર બેડરૂમના આ બંગલાની ચારે બાજુ શાનદાર લોન અને ઓફિસની જગ્યા છે જે ભૂતપૂર્વ વડાપ્રધાનની જરૂરિયાતોને પૂર્ણ કરશે. શહેરી વિકાસ મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યુંછે કે મનમોહનસિંહ અહીં રહેવા માટે પહોંચે તે પહેલા અહીં કેટલું કામ બાકી છે જેને પૂર્ણ કરવામાં આવશે. સીપીડબલ્યુડી દ્વારા આની જવાબદારી લેવામાં આવી છે. રાજયસભાના સભ્ય મનમોહનસિંહ હાલમાં સાત રેસ્કોસ રોડ ઉપર વડાપ્રધાનના સરકારી આવાસમાં રહે છે. અત્રે ઉલ્લેખનીય છે કે દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શીલા દિક્ષીત મોતીલાલ નહેરુ પ્લેસને ખાલી કરી દીધા બાદ સેન્ટ્રલ દિલ્હીમાં ફિરોઝશાહ રોડ ઉપર સ્થિત સિલ્વર આર્ચ એપાર્ટમેન્ટના ૨૦૦૦ વર્કફૂટમાં આવેલા ત્રણ બેડરૂમના ફલેટમાં રહે છે. મનમોહનસિંહ આગામી લોકસભાની ચૂંટણી લડનાર નથી પરંતુ તમામ પ્રકારની સુવિધાઓ મળી રહી છે. આગામી દિવસોમાં પણ મનમોહનસિંહને તમામ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે તમામ પગલાં લેવામાં આવી રહ્યા છે. મનમોહનસિંહ પહેલાથી જ કહીં ચૂક્યા છે કે નિવૃત્ત થયા બાદ તેઓ સાદગીમાં રહેવા માગે છે. લોકસભાની ચૂંટણી બાદ તેઓ રાજકીય ગતિવિધીમાં વધારે રહેવા ઈચ્છુક નથી.

### વાત કાનૂન કાયદાની (પાના નં. ૪ નું ચાલુ)

વિદ્યવાન સીંગલ જજ સાહેબના ૨૨/૯/૨૦૧૦ ના હુકમને અરજદારે લેટર્સ પેટન્ટ અપીલ દાખલ કરી પક્ષકારના નામદાર કોર્ટ દ્વારા એવા તારણ ઉપર આવ્યા કે ઉપલી કોર્ટ દ્વારા પ્રસ્તાપિત કાનૂની સ્થિતિના પરીપેક્ષમાં ફેરતપાસ સત્તાવાળાઓએ અપીલ કર્તા મૂળ અરજદારને તક આપવાની જરૂર હતી અને તેમનો કેસ ગુણદોષ ઉપર રજૂ કરવાની તક આપવાની જરૂર હતી ત્યારબાદ અગ્રસચિવ મહેસુલ વિભાગના સત્તાવાળાઓએ મૂળ અરજદારને દાવા વિનાના રાખવા ના જોઈએ એ પ્રસ્થાપિત કાયદો છે. હાલના કેસમાં આરટીએસ નોંધ આપમેળે ફેરતપાસમાં ૩૫ વર્ષના સમયગાળા બાદ લેવામાં આવી હતી આમ નામદાર ગુજરાત હાઈકોર્ટે હાલનો કેસ ગુણદોષ ઉપર તપાસ્યા વિના વિદ્યવાન સીંગલ જજ સાહેબનો હુકમ રદ કરવાનું ઠરાવેલ અને હાલના કેસને અગ્રસચિવશ્રી મહેસુલ વિભાગ ટ્રીબ્યુનલને ગુણદોષ ઉપર પરત મોકલવાનો હુકમ કરવામાં આવેલ.

ઉપરોકત કેસથી સ્પષ્ટ થાય છે કે જયારે પક્ષકાર દ્વારા કોઈ મહેસુલી અધિકારના હુકમની સામે અપીલ કે રીવીઝન કરવા માટે કોઈ કાણોસર વિલંબ થયેલ હોય તો તેના કારણો જાણી કેસના ગુણદોષ ઉપર પણ પક્ષકારોને રજૂઆત કરવાની તક આપવી જરૂરી છે. ટેકનિકલ કારણસર પક્ષકારને દાવા વિનાના કરવાનું કૃત્ય પક્ષકારોના હકકને ગંભીર નુકશાન પહોંચાડે છે યાને માત્ર ટેકનિકલ કારણો આગળ ધરી પક્ષકારોને કેસના ગુણદોષ ઉપર પણ રજૂઆત કરવાની તક આપી કાયદામાં સમાન તક આપવી જોઈએ.

## ટીએમસી સાથે જોડાણ કરવા કોંગ્રેસનો ઇન્કાર

નવી દિલ્હી,તા.૧

કોંગ્રેસના પ્રમુખ સોનિયા ગાંધીએ તૃણમૂલ કોંગ્રેસના નેતા મમતા બેનર્જી સાથે હાલમાં કોઈ જોડાણ કરવાની શક્યતાને નકારી દીધી છે. કેન્દ્રીય પ્રધાન અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા ગુલામનબી આઝાદે બે વખત મમતા બેનરજી સાથે હાલમાં વાતચીત કરી હતી. જો કે સોનિયા ગાંધીનું કહેવું છે કે ટીએમસી સાથે જોડાણની હાલ કોઈપણ હિલચાલ નથી. મમતા બેનરજીએ પહેલાંથી જ કહ્યું છે કે લોકસભાની ચૂંટણીમાં એકલા હાથે મેદાનમાં ઉતરશે. બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલી બેઠકમાં મમતા બેનર્જીએ આ મુજબની વાતો કરી હતી. કોંગ્રેસના નેતાઓ અધિર ચૌધરી અને માનસ ભુયાન કોઈપણ સમજૂતી ટીએમસી સાથે કરવાની વાત કરી રહ્યા છે. પરંતુ પશ્ચિમ બંગાળમાં કોંગ્રેસ પોતાની સ્થિતિને મજબૂત કરવાની ઈચ્છા ધરાવે છે.

# ભ્રષ્ટાચાર અટકાવવા મામલે વટહુકમ લાવવાની હિલચાલ

નવી દિલ્હી,તા.૧

કેન્દ્રીય કેબિનેટની બેઠક આવતીકાલે મળનાર છેજેમાં ભ્રષ્ટાચાર વિરોધી અને અધિકાર સાથે સંબંધિત મુદ્દાઓ ઉપર વટહુકમ લાવવાના મુદ્દા ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવશે. રાહુલ ગાંધી દ્વારા કેટલાક મામલાઓ ઉપર વટહુકમ લાવવાની વાત કરવામાં આવ્યા બાદ આ મહત્વપૂર્ણ બેઠક યોજાનાર છે. સરકારે ગઇકાલે સંકેત આપ્યો હતો કે, રાહુલ ગાંધી દ્વારા કરવામાં આવેલી રજૂઆતના સંદર્ભમાં ફરીવાર વિચારણા કરવામાં આવશે. ગઇકાલે કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં વટહુકમની બાબત એજન્ડામાં હતી પરંતુ કોઇ વિચારણા કરવામાં આવી ન હતી. કેટલાક પ્રધાનો અને એનસીપીના વડા શરદ પવારે સરકારની અવધિ પરિપૂર્ણ થવાના આરે છે ત્યારે આ પ્રકારના વટહુકમ લાવવાની જરૂરીયાત ઉપર પ્રશ્નો ઉઠાવ્યા હતા. સૂત્રોનું કહેવું છે કે, શરદ પવારે જોરદાર વાંધો ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે, ભાવિ સરકાર ઉપર આ મામલા છોડી દેવા જોઇએ. રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી આવા જ આધાર ઉપર પ્રશ્નો ઉઠાવી શકે છે તેવી દહેશત પણ રહેલી છે.આવતીકાલે કેબિનેટની બેઠક બોલાવવાનો નિર્ણય કરવામાં આવ્યા બાદ એવા સંકેત મળી રહ્યા છે કે, સરકાર વટહુકમ લાવવાનો નિર્ણય કરી ચુકી છે. એવા સંકેત મળી રહ્યા છે કે, કેટલાક વટહુકમ લાવવાના બદલે સરકાર ભ્રષ્ટાચાર અટકાયત સુધારા બિલ, એસસી અને એસટી અત્યાચાર અટકાયત સુધારા બિલ તથા અન્ય એક બિલના મુદ્દા ઉપર વટહુકમ લાવવામાં આવશે. ગઇકાલે કેબિનેટની બેઠકમાં બે કલાક સુધી ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ભ્રષ્ટાચાર અટકાયત સુધારા બિલ અંગે વટહુકમ લાવવાનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. રાહુલ ગાંધી દ્વારા આ સંદર્ભમાં તીવ્ર રજૂઆત કરવામાં આવ્યા બાદ આ મામલો સપાટી ઉપર આવ્યો છે.